કેકુની તીગ્ગી ઉર્ફે મનમોહન મુર્તિ

યાને

મોતનો છાપ.

૩૬૦૦૦ ફીટની અતિ મોહક અને ગંભવર ફીલમ
લુસીલવની કુંપનીએ બનાવેલી.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

વિક્ટોરીયા સીનેમેટોગ્રાફ.

ઠે. પાંચકુવા રોડ-અમદાવાદ.

આવૃતી ૧ લી. પ્રત ૧૦૦૦૦

શ્રી માર્તંડ મુદ્રાલય પ્રેસમાં પંડ્યા. બાપાભાઈ જગનલાલે છાપી.
ઠે. રતનપોળ મરચાપોળ-અમદાવાદ.

સને ૧૯૧૫.

કિંમત ત્રણ પાઈ.

૩૦૮

વિક્ટોરીઆ થીએટરમાં

પાંચકુવા રોડ.

અમદાવાદ.

કેકની તીગ્ગી ઉફે મનમોહન મુરતી

યાને

મોતનો છાપ

૩૬૦૦૦ ફીટની અતી મોહક અને ગંજાવર ફીલમ
સુસીલ લવની કુંપનીએ બનાવેલી

મીસ ફલીઆ મેડીસન જે આએ ફીલમની નાયકા છે તે

તા. ૧૮થી ૨૧ સુધી
૬૦૦૦ ફીટચાલી ગઇ છે,
ને બાકીની દર ચાર
ચાર દીવસે પ્રોગ્રામ
ફેરવી ફક્ત ત્રણ અઠ-
વાડીઆ પુરી કરી
બતાવીશું.

જોડીયન બેહેન રોઝ અને જુડીથનાં બને પાત્રો એખબીજ ભજવે છે.

ધી માર્તંડમુદ્રાલય મરચીપોળ—અમદાવાદ.

"બળતાની બાવલી" યા "અંગારની આકૃતિ."

ભાગ ૧ લો અને ૨ જો.

સીનેકા ત્રાઇન અને તેની ધણીઆણી.

મધ્યમ વયેનો "સીનેકા ત્રાઇન," જે એક માલેતોજાર નાણાંશાળી હતો, તે એક અતિ ઘણી જુવાન બાનુ સાથે પરણ્યો હતો. જે બાનુ તેના તરફ પ્યારને બદલે જબરાઇને લીધે પરણી હતી, કારણકે તેણી "વેલીંગટન લો"ને ચાહતી હતી. આ શુરૂઆતની ફીલ્મી રંગત, ત્યાંથી થઇ છે કે, જ્યારે તેણી, પોતાના બે જોડીયા બાળકો સાથ, વિચારના વમળમાં, પોતાના જુના અને સાચ્ચા પ્યારના વહાલા વેલીંગટનને, ખ્યાલ કરતી માલમ પડે છે—જ્યારે, પેલો તેણીનો આશક તો એક ઘણીજ ઢંગમીજાજી ઓરત સાથ પરણી એક પુત્રનો બાપ વતીક થયો હતો.

"અંતરની આગ."

ત્રાઇનની અદેખાઇ. તથા "લૉ"ને કુચ ડી નાખવાનું ધાકડું.

વહેતા વખતમાં ત્રાઇન અદેખો પડે છે, અને હીર્ષના હવસમાં ફસી, શક લઇ જાય છે, કે પોતાની ધણીઆણી "લૉ" ને માટે દીલ બાળે છે. અને તેટલાજ માટે અદેખાઇના અંગારમાં સળગી, તે એક યુક્તિ રચે છે, કે જેથી "લૉ"ની સત્યાનાશી થાય. એક "બૉલ"ના મેલાવડામાં, તેને ખાતરી જેવું થાય છે, કે તેની બાયડી તેને માટે જરાબી

દાઝ રાખતી નથી, જેથી " લૉ"ને કચડી નાખવાની યુક્તિનો વીચાર મજબુત થતો જાયે છે. એક મહીનાના વખતમાં, ત્રાઇનની સઘળી યોજના એવી બડાય છે કે, " લૉ " ને કચડી નાખવો, કારણકે તે જીગરથીજ માનતા શીખ્યો કે " લૉ " એજ, તેની બાયડીનું પોતા તરફથી પ્રીત ખેંચી લેવાનું કારણ આપ્યું હતું. " લૉ " નું નખોદ વળે છે.

" કાળાશમાં કાળાં વાદળાં"—યાને " નિરાશીમાં નાદુરસ્ત નસીબી. "

નિરાશ થયેલો " લૉ " ત્યાંથી શાન્તિ માટે બહાર પડે છે,
અને મોટરમાં બેસી ત્યાંથી ગામમાં જાય છે—

"લૉ" ની નીરાશી પણ " નસીબના નખરા " માં તે સપડાઇ,
તેની મોટરમાં ત્રા- વધારે પછડાઈ જાય છે, કારણકે જે મોટર
ઇનનું કચડાવું. પોતે હાંકતો હતો, તે મોટર ટળે, તેની કમ-
નસીબીએ, ' ત્રાઇન " આવી જાએ છે.

અકસમાત થવાથી " મોટર થોભાવી તે જુવે છે અને જોતાજ

ગભરાતમાં પડયો, કે તે તો 'ત્રાઇનિ" હતો—તે
"લૉ"ની નાસભાગ જીવ લઇ નાસા જાયે છે. "ત્રાઇનિ" સાજો
"ત્રાઇન" નું સાજા થાયે છે, પણ " લખવા" ન રોગમાં જીંદગી
થવા સાથે, "લખ- સુધી સપડાયલો જણાયે છે. ત્યા પછી,
વાના "રોગમાં પી- "ત્રાઇન"– "લૉ" ને મા[illegible] રંગંદો
ડાવું-" ત્રાઇન " નું કરે છે તે વિશે " લૉ " ઉપર, ત્રાઇનિ ક[illegible]
વેર "લૉ"નું મોત " છે–" લૉ " દેહ અને મગજ શક્તિમાં તદન

તેના દીકરાનું યુરોપ જવું.

નિસોસ પડે છે. અને જયારે, તેને, " હેકની ત્રણ ટીપકીના" પાનામળે છે, કે ગભરાતથી પોતેજ પોતાની મેળે આપઘાત કરે છે, કે જે અગાઉ પોતાના દીકરાને યુરોપમાં મોકલી દીધો છે.

૧૦ વરસનો ગાળો—ખેલની ખરી સુરૂઆત " વેરની વસન."

બ્રાઉનની યુકતી, તે પોતાની દીકરી રોઝ ને "લૉ" સાથ પ્યાર કરવા વેલાયત મોકલે છે.

(એક્ષન) નાનો "લૉ," વેલાયતમાં, એક આબાદ થએલો ધંધા-દારી માલમ પડે છે—ત્રાઉન અમેરીકામા છે, જે હજી પોતાનું વેર ભુલ્યો નથી, તે એવા વખતની રાહ જુવે છે કે જે સમો "લૉ" નો ઘણોજ ભાગ્ય શાળી હોય. ત્રાઉન પોતાની દીકરી રોઝને વેલાયત મોકલે છે, કે જ્યાં તેણી "લૉ" નો પ્યાર મેળવી શકે, તે બીચારી ભલી રોઝને, બાપના કાવતરાનો કશો પણ ભાસ નથી. તેણી ભાવના તેમજ ઘણુંજ નરમ સ્વચ્છ હૈડુ ધરાવતી હતી, જ્યારે તેણીની બ્હેન જુદીઠની ચાલે ચલગત બાપને બરોબર સરોબરી કરતી હતી.

" પ્યારનો પમડાત-" સચ્ચાઇનો સાથી " ગુલાબ "

રોઝ અને લૉની મુલાકાત. લેડી કાગળ તેની બાર-

"રોઝ અને "લૉ" મળે છે, પ્યારના પજરનમાં બને ભળે છે અને તેવા સંમયમાજ, રોઝને તેણીના બાપ તરફથી એક વિચીત્ર પત્ર મળ્યું કે જેમાં "લૉ" પરણવા આગમજ મરશે એવા આગાહી આવી હતી. હવાંજ "લૉ" "હેકની ટીપકીના"

ની તથા ગુલાબની પવિત્ર નિશાણમાં મદદ.

પાના મળતા, પંચાતીનું કારણ જાણતો થાયે છે, અને તેનો અર્થ સમજી જાયે છે. "રોઝ" વહાલાના જાનની સલામતી માટે ધાસ્તીમાં પડે છે, અને ત્યાંથી છુટી પડે છે અને છુટી પડતા તેણી પોતાના વ્હાલાને તકીદ કરી જાયે છે, કે જયારે તેણીને, તેની ગરજ પડશે, ત્યારે, પ્યારની નિશાણી તરીકે એક ગુલાબ મોકલશે.

" ગુલાબના આકારમા ધતુરાનુ ફુલ. "

ત્રાઇનને, પોતાનાં મોરોસ્ત મહલ્યા તરફથી "રોઝ અને લૉ"ની સઘલી બાતમી મળે છે–ત્રાઇન " લૉ " ઉપર

ઠાપ ખાયે છે.

" રોઝ " તરફની, 'ગુલાબ' ની નિશાણી મોકલી આપે છે–કે ગુલાબની નિશાણી જેથી "લૉ" અમેરીકા આવે અને ત્રાઇનને ધારી લઇ, લૉ, વેર લેવા સવલ પડે, કેનેડાને રસતેથી "લૉ" ગુલાબનુ ફુલ મલવાથી, પોતાની આશુકને માલવ જવા તૈયાર થાય છે. ત્રાઇન, હયા પોતાની દીકરી જુદીકને " લૉ " આગળ મોકલે છે, કે જેની, તેને જીવતો યા મુવેલો લાવે. (આ જુદીઠ બુરા ખવાસની છે, અને બાપના પ્રપંચમાં સામેલ થાયે છે–કોઇ વેલા તેણી, પોતાની બેહન "રો" ના આકારમાજ સજ થાયે છે.)

ડ્રેસ માટેનો ખુલાસો તથા મલતા ચહેરાથી ભુલ નહીં થાસે તેની સાવચેતી, એક પાર્ટ એકજ ઓરત બજવે

૬

" જુદીઠની જાહેમી "

[એલન લૉ, જુદીઠને [illegible] પોષાકમાં છતાં રોઝના જેવી પીછાણે છે, તથા અચરત થાય છે)

લાંચ રૂસવત આપી જુદીઠ, "લો"ને, બીજાઓ પાસ ઘેરાવે છે
"લો"ને પાછડોમા જુદીઠ પોતાની [illegible]ઓથી
લૉ, ફેસાયો બંધાયોય કડાવ છે. "લો" જુદીઠને " રોઝ " સમજે અને એ ખસોજ બં- છે, પણ તેની ભુલ થયેલી માલમ થઇ જાયે ઘાયલો ત્યાં પડયો. છે—કારણ લાં જુદીઠ " લૉ " ને કહે છે કે તું પાછળથી બચી જઇ ધારે છે તેમ હું રોઝ નથી પણ તેની જોડીયન કીનારે જતા જુદીઠ- બેહેન જુદીઠ છું. પછી જુદીઠ તેના હાથ ના લોકોને મારી પગ બંધાવે છે, અને પહાડ ઉપર નાખી જાય

નાખે છે. છે—કે જ્યાં જંગલ વારે વારે સળગી
ઉઠતા હતા અને હાલમાં એક ભયંકર આગ
જંગલમાં લાગી રહી હતી. તેણીના કરતુક પછી, " લા " એકલો છુટવાના પ્રયાગ માં [illegible] જઈ, નદી કીનારે જઈ પુગે છે. નદી [illegible] ગોઠયા, યા બોમ્યા આગે એ [illegible] છે, જનાં હાલ [illegible] કેલસુ કરવાનાં [illegible] જોયે છે.

૭

"ફર અને જો"—પાપીને પાપનો પલ્લો.

જુદીઠનું "લૉ"ને હાથે બચવું.

એટલી પડેલી જુદીઠ, હોડીમાં તણાતી થાય છે અને પડે છે (એકલી) લૉ—તેણીની હાલત જોઇ, બચાવવા તૈયાર થાય છે, અને પોતાને થયેલા સીતમની કસી દરકાર ન કરતાં, ભયભીત સામલા સાથે થઈ જુદીઠને બચાવે છે.

"પડનીમાં પ્રેમનો પ્રકાશ."

લૉની બેભાનીજુદીઠને પ્રેમની આંચ—"લૉ"ની બીમારીમાં"ગુલાબ" ના દર્શન,

બચાવ કરવાની જેહમતમાં લૉ પતકારે છે, ઘાયલ થાય છે, અને બેભાન થઈ જાય છે, જાલેમ જુદીઠને દીલમાં "લૉ" માટે ઉંચો ખ્યાલ થાય છે, અને તેણીએ કીધેલા નિચ પ્રપંચ છતાં, "લૉ" એ તેણીને બચાવી તે ખ્યાલ માટે તેણીને દુઃખ થાય છે, તેણીના દીલમાં પ્યારનો ઝરો થાય છે. તેણી તેને ત્યાં સુતેલો રહેવા દઇ ચાલી જાય છે—"લૉ" ઉંઘમાંથી બીદા થતાં પોતાની છાતી ઉપર "ફેકની તીગ્ગી" બદલે "ગુલાબ" ની નિશાન જુવે છે. "કલીઓ મેડીસન" (યાને એકત્રેસ જુડીથ) જેણી પોતાની બહેન રોઝનો પાત્ર પણ પોતે કરે છે.

આ મહાન ધ્રીઝમની રચનાને તદનજ ચીત્ર કળાની ટોચ ઉપર લાવવા, લગભગ અરધા માઈલ જેટલી હદ સુધી થંડીથી અકડાઇ જાય, અને ગમે એવા જોરાવર માણસને, તોડી નાખે એવા પાણીમાં ખાસ ઘસડાઇ. આ મહાન ધ્રીઝમ બનાવનાર, તેણીની આવી ભયભીત શકતીના સામે અટકાવ કરવા ફાવવા કરતા, તેણીએ, પોતાની મરજીથી શું કરવા ધાર્યું તે, સામે અટકાવ કરી શકયો નહી.

સેન ગ્રેબીયલ નદીના પાણી બરફ જેવા ઠંડા રહે છે. અને આ નદીમાં નાના નાના ઘણાજ ધારવાલા ખડકો છતાં તેણી, જોકે પોતે કાંઇ ઘણીજ અઠંગ તરનાર નહતી, છતા, ઘસડાઇ, આ ચીત્રકળાને ઉત્તમ ભારા આપવા, મહેનત લીધી એમાં ખરે હીમત કરતા તાજુબી વધુ ગણાય.

ભાગ ૩ જો અને ૪ થો.

(એલન) લોની મુસકેલી.

નાઈટ વોટરમાં એલન લો ભુખો ભટકે છે, જુદીકે પોતાની છાવણીમાં જઇ, એક ભોગ્યો, લોની ખાતમી "લો" નું ભટકન, માટે મોકલાવ્યો—લો, તેની પાછળ કોઇ આખડકમાં પડવું, વતુ જણાયાથી, વધારે નબળો બને છે તે

અને જુદીઠનું આ વવાનું થવાથી તેનો બચાવ.

ખડકની પડોશમાં સરી પડે છે—જ્યારે જુદીઠ બીજા બોમ્યા સાથે તેને શોધતી ત્યાં આવી ચઢે છે. અને "લો"ને બચાવી, પોતાની કેબીનમાં લઇ જાય છે.

"ત્રાઇનની તલાવત."

રોઝને એક પત્ર મલે છે, જેમાં "એલન લો" એ પોતાના કાયદાના અધીકારીને મલવા માટે લખ્યું છે.

રોઝને મલેલી ચીઠી તેની જુસુસી, બાપ બેટી વચ્ચે ટપાટપી કાવતરાનું પોગળ રોઝને મર્યું. તેણીનું ઉત્તર તરફ ઉપડી જવું.

રોઝ ત્યાં જાય છે, આ કાયદાશાસ્ત્રીથી રોઝને માહીતી મળે છે, કે તેણીનો બાઇ અને બેહેન, એલન લોની પછવાડે લાગ્યા છે, અને હયાં રોષની જાણમાં ખાનદાની ઝગડાનો ખરો ખુલાસો આવે છે રોઝની પછવાડે રાખેલા જાસુસે, આ વાત ત્રાઇનને જણાવી. ત્રાઇન, રોઝના પાછા ફરતા સાથ તેના ઉપર બાપે પાછળ બેદરકારી તથા દગો રમવાનો આરોપ મુકી તેણીને એક ઓરડામાં બંધ કરવાની ફરમાશ

એક ચાકરને, ઘંટ વગાડી બોલાવી, કરવા માગે છે. તેટલામાં જ રોઝ પોતાના બાપને આચકો મારી ખસેડી હાથમાં રીવોલવર રાખી ડેસ્ક ઉઘાડી કાગળો ચુંથી નાખે છે, જેમાંથી તેણી "એક કાગળમાં, ત્રાહનના કરતુક, અને જુડીથના જાલેમી પ્રપંચની બાતમી મેળવે છે" પોતાના બાપની ક્રોધી તકરાર છતાં રોઝ ઉત્તર તરફ ઉપડી જાય છે.

"તાપની તકલીફાત."

એલન શો, તાપમાં ભારે સપડાતો થાય છે. અને જુડીથે, તેની ઉછળતા પ્રેમભાવથી બરદાસ કરી છે. પોતાના માણસને નજદીકના ગામડામાંથી કવીનીન લાવવા મોકલે છે—પેલો માણસ ધુમ છાકતો થાય છે, જેની પાછળ જુડીથ જાય છે. અને જતાં "એલન શો" ના બીછાણામાં ગુલાબ મુકતી જાય છે.

જુડીથનો પ્રેમની પરસતાસ.

એક અચંબો. મળતા ચહેરાની મહેકાણ.

"એલન શો" નબળી હાલત સાથ કાંઇ સાવધ થાય છે. જુડીથ અને તેનો ભોમ્યો, સામેથી આવતી રોઝ અને તેના પતીને વગર જોવે પસાર થાયે છે. રોઝ આવીને એલન શાને મળે છે એલન તેણીએ કીધેલી સારવાર માટે ઉપકાર માને છે. રોઝ અજાબ થાએ છે, કારણ સારવાર તેણીએ નહીં પણ તેની બહેન જુડીથે કીધેલી માલમ પડે છે.

રોઝનું એલન શો-ને મલવું. તેણીએ સારવાર કીધેલી સમજી અજબ થાય છે.

૫૫૨૭
૫૫૨૭ં

ભયની ચેતવણી.

નદીમાં નહતલ, રોઝ અને એલનલોની જીવતોડ પછાડ આખરે ફતેહ. જુદીઠ તેઓને જોઇ, મારવાનો વીચાર કરતા પાછી હઠે છે.

રોઝ, એલન લોને, જુદીઠના આવવાની ચેતવણી કરે છે. અને એક મછવો મેળવી તેમાં બેસી ચાલી જવા સુચવે છે. તેઓ જુદીઠ અને તેણીનો માણસ આવે, તેટલા હોડી હંકારી જાયે છે. તેઓ " સફેદ સરોવર " પસાર કરવાની અણી ઉપર આવતાંજ મછવો એક ખડક સાથ અથડતાં ઉંધો વલી જાએ છે અને તેઓ ઉછળીને બહાર પડે છે. ભારે અછાડ પછાડ તેઓ બન્ને કરે છે. લગભગ ડુબવાની અણી પર આવતા બાકી રહેલા પોતાના સઘળા બળથી આખરે, વમળની વીટમાંથી કીનારે પડે છે. અને બચી જાએ છે. જુદીઠે તેઓને જોયા છે જે તેતાજ ચાલાક રોઝ પામી જાયે છે કે જુદીઠ પણ એલન લોને ચાહે છે તેમ જુદીઠ અને તેનીના બોમ્બાન હોડી આગળ ચાલતી પડે છે, અદેખાઇનાં અંગારામા પોતાની બેહેન રોઝને બંદુકથી વીંધી નાખવા ચાહે છે તેટલં ... રપે પોતાનાં ... કાઇ હાણી થાએ અગા ... બેહેનનાં ખુનથી ... ઉદારે છે.

ફતેહના પડઘા

ત્રાઇનની ગણત્રી લગભગ ઉંધી વળે છ. અને એલન લો અને રોઝ, પકો ઠેરાવ કરે છે, કે ફતેહ તેઓનાજ છે. અને, " પ્યાર " આખરે, " ધીક્કાર " ઉપર સરસાઇ મેળવશેજ !

એકવાર "ફલી મોંડાશન" ને સેન ... નાં હોટેલમાં ...

જવામાં આવી હતી. આ બાનુ એકવાર પાણીમાં એક મીનીટ સુધી ગુગળાઇ હતી અને તેણીના બચાવનારને ફક્ત થોડીજ પળો બાકી હતી. આ અકસ્માતમાંથી બચાવ થતા તેણી સહેજ સાવધ હતી અને જ્યાથી તેણીને હોટેલમાં લઇ જવામાં આવી હતી. આ અકસ્માત ફીલમ લતી વખતે બન્યો હતો જે ફીલમ (ગોલ્ડ સીલ કુંપની લેતી હતી.). થોડી મીનીટમાંજ તેણી પાછી ગોતાના કામ ઉપર આવી હતી. આ બહાદુર સ્ત્રીએ ફીલમ લેવાડતી વખતે ઘણુાજ કઢંગા સંજોગના ભોગ ભોગવાયા છે.

ભાગ ૫ મો અને ૬ ઠો.

મુશકેલી માહેથી રાહત.

રોઝ અને એલન લોની વચાંથી વીદાગીરી.

એલન લો, અને રોઝ, વાઇટ વોટરથી બ્લેક લીવર જાયે છે, ત્યાંથી ભોમીઆની મદદથી "મુશહેદ" સરોવરના ઉતર છેડા આગળ, કેરીના ઉતર પુર્વ ભાગ ફેઅર આવેછે, ત્યાંથી તેઓ ગામડાના પોશાક કાઢી નાખી શહેરી પોશાકમાં સજ થઇ એક સ્તીમરમાં બેસી સરોવર પસાર કરી "કાઇનીઓ સ્ટેશનપર આવે છે.

જુદીઠની નવી બાજી.

જુદીઠની ઝડપ તેણી રોઝ અને એલન લોની હીલચાલ જાણે છે.

જુદીઠ ઘણીજ ઝડપથી, તેઓ કરતા પહેલા "કાઇનીઓ" સ્ટેશન પર પુગે છે. ત્રેન ખીચોખીચ ઉતારૂઓથી ભરેલી છે. "એલન લો" ઘણીજ મુશકેલીએ બે બેઠક મેળને છે. જુદીઠ મરદના લોબાસમાં ખીચોખીચ ઉતારૂઓથી ગાડીમાં જગ્યા મેળવે છે.

એલન લો, બે જગ્યા (સીટસ) માટે "કાર્નીઓ"થી રીઝર્વ કરવા ન્યુ યાર્ક સિટી પેસનજરમાં જવાને માટે તાર કરે છે. જુદીઠ મરદના બેખાસમાં તે સઘળુ જાણી લે છે.

તારનો સંદેશો.

તારની વીગતથી જુદીઠ માહીતગાર અને તેણીએ એ-કલેલુ "કેકન" તીગ્ગીનું પરબીડુ.

સ્ટેશનપર ગાડી આવી પુગતાં તારવાળો મી૦ લોના નામના તાર માટે પુકારે છે. જુદીઠ, તે લઈને જુવે છે અને પાછો આપતાં પહેલાં તેણી અંદરનો સાર જાણે છે, તરતજ તાર પાછો આપતાં તેણી તેનાં હાથમાં બીજું પરબીડું મેલે છે જે પેલો તારવાલો લઈ આગળ ચાલે છે. પેલો બંને સંદેશા "એલન લો" ના હાથમાં આપે છે, પહેલો વાંચતાં, તેને જગ્યા મળશે નહી એવી ખબર મળે છે, અને બીજો ઉખેડતાંજ તે ચોંકે છે, કારણકે તેમાં "કેકની તીગ્ગી" જોય છે.

જુદીઠનું કાવતરૂ.

પોરતલેન્ડ આવતા હોટેલમાં આસરો તથા

એલન અને રોઝ, પોરતલેન્ડ આવ્યા, ત્યાંથી હોટેલમાં ગયા જ્યાં જુદીઠ, તેઓના ઓરડાની સામેજ એક જગ્યા મેલવે છે, તથા ઓરડાઓના જોડાણની ચાંવી મેલવવા ફતેહ પામે છે. પોતાના ગોઠીઆઓના આસરાથી જુદીઠ, રોઝને કલોરોફોર્મથી બેસુદ્ધ જુદીઠ, કલોરોફોર્મ કરે છે, અને તેણીના કપડા પહેરી લે છે.

થી રોઝને બેસુધ પોતે રોઝ છે એમ દેખાવ ધારણ કરી એલન-
કરી કપડાં બદલી લૉ સાથે રોઝ તરીકે રહે છે. એલન લો, ન્યુ
યોર્ક જવા માટે, "સીવેનચર" યાતને પોતાને
તથા રોઝને માટે રોકે છે.

પારવડી જુદીઠના પ્રપંચની હારમાળા.

એલન લોના સઘળા પલાન જુદીઠ (એલન જુદીઠને રોઝ
સમજે છે) જાણે છે. તેણીએ " સીવેનચર
જુદીઠ, યાત પરગે યાત " ન્યુ યોર્ક જાયે તેના માર્ગમાં આવવા
સોલાનની હાંકીએ એક માછીમાર વહાણ રોકયું છે, એલન સાથે
ખુલ્લી કરી ભંડાર આખેર જુદીઠ પાટપર જાયે છે. રોઝના આ-
ભરીનાખે છે. સામે સમાં સજ થયેલી જુદીઠને થોડીવારમાં સામેથા
થી આજુ વાહાન દે માછીમાર વહાણ તેણીને દેખાય છે. તે યાતના
ખાય છે. ભંડારમાં ગેસોલીન પ્રવાહી છોડી મુકે છે. તે
સોઠ આ કમ સાથે યાનના ભંડારમાં ગેસોલીન પ્રવાહી છોડી મુકે
ઝપા [illegible] છે છે. તે દેખાતા તુતક પર ઉભેલા યાનના માલેક
સો [illegible] કે છે. મી. બારકસની સામેણી રીવોલવર સાથ થાયે
છે, મી બારકસ સાથ તેણીની ઝપાઝપી થતા મી૦ બારકસને દરી-
યામાં ફેકી દે છે. એલન લો દોડી આવી અને જેતાજ જુદીઠને
છોડાવતાં, કહે છે, કે જુદીઠ કદાચ ઘેલી થઇ હોય. એલન તેણીને
એક કેબીનમાં દીવાનો સમજી બંધ કરે છે. હજી સુધી એલન જુદી
ઠને રોઝ સમજે છે.

એલન લોને ભય.

બારકસનો ગંભીર ગભરાટ.

ઘુતકપર એલન લો, જુદીઠને બોલાવી સામેથી આવતા વહાણમાં કોઇ તેણીનો મીત્ર છે કે કેમ, તે પુછે છે. ફરી તેની ખાતરી થાય છે કે તેણી જુદીઠ નહી પણ રોઝ છે. તેની હા પાડે છે, તેણી ત્યાં જઈ પડે છે. મી૦ બારકસને ગેસોલીન આસના નફખોટની નિશાન જણાઇ આવતા, "સી વેનચર" યાતની હાલત જોઈ બે છે. હવે એલન અને બારકસની ખાત્રી થાએ છે કે આએ જુદીઠજ છે અને તરતજ તેણીને પકડી દરીયામાં એક વહાણમાં એકલી છોડી દે છે. તેણીને સામેથી આવતા મીત્ર વહાણમાં ઉપાડી લેવામાં આવે છે.

વહાણોની શરત.

એક પાછળ બીજા વહાણનો પુઠ–દુરબીનથી દેખાવ.

સીવેનચર યાત અને પેલું વહાણ બંને ઝડપમાં આગલ પાછલ નથી છે. સંધ્યાકાળે, તેઓ થોભે છે, અને એક બાજુથી માઇલિના તફાવતે પડયા રહ્યા છે. બારકસ પોતાની યાતમાંથી દુરબીન વતી જોયછે તો, પેલા વહાણમાંથી જુદીઠ એક સાથી સાથે સોન્ચ ઉતારી આગળ વધતી માલમ પડે છે.

"મોતની જાલ."

બારકસ જુદીઠને એક બલતી ચિંગાર સાથ, એક જુદી મોટર બોટ સાથે યાત તરફ આવતી જોઇ ચોંકે છે. બારકસ, અને એલન

પોતાને માથે આવી પડેલો મોટો ભય પામી જઈ બુત કાઢી નાખી ડુબકી મારે છે; થોડીવારમાં, જુદીઠે બળતા ધુમ્ર સાથની એખલી મોટર બોટ છોડી મુકેલી યાત સાથ અઠડી પડી યાતને સલગાવી મલે છે. એક ધડાકો થતાજ યાત, ખુનખાર લડત સાથ ડુબે છે. એબન અને બારકસ, તરી જાય છે, અને થાકથી થાકી જઈ, થાકનીજ નિદ્રામાં મુર્છી ખોઠી એક કીનારે આવી પડે છે જ્યાંથી સાવધ થતાં પોતાની યાતની થએલી ખાનાખરાબી જોઈ અફસોસ કરતા માલમ પડે છે.

" રાહત જો મળતી હોય ! તો મળશે શું કીનાથી ?
આરામ શું મળશે તમને ? " દાઝેલા સીનાથી " !
" કીના " ના કહેરનો કફલાત-તમનેજ કાપે છે !
બીજાને દુખ બદલ, તે   તેજ આપે છે !
ાન્તિ સમયનો ભે:, એકલો પ્યાર છે !
જેમા જગતની " સ્વચ્છ માયાનો " સાર છે !



ડેકની તીઝ્ઝી-ચે ઓ હાર્ટ્સ યાને "બળતાની બાવલી-

અથવા-અંધારની આકૃતિ"

ભાગ સાત અને આઠ.

ભયભીત-લેવડ દેવડ.

રૂહે ગુલાબ યાને મોતકા ખ્વાબ.

રોઝનો રૂઝકાર.

પોર્ટલેન્ડના હોટેલમા રોઝ બેફામીમાથીં ફારેગ રોઝની કેફી ઉંઘમા થઇ, તેટલાંજ, તેણીને ત્યાંથી ઉઠાવી જવામાં થી ખલાસી, તથા આવી, અને, ગ્લુસતર તરફ તેણીને લઇ જાય, તેણીને જુહીઠના હુ ત્યાંથી જે વહાણુ "સી વેનચર"ને આડે પડયું

કમ મુજબ વહાણુ હતું ત્યાં લઇ જવામાં આવી. જુદીઠ ત્યાં આવતાં
પર લઇ ગયા. તેણીએ, ગરીબ બીચારી "રોઝ"ને કેદ કરાવી.

એલન લો અને બારકસની હોડમારી.

જેવા તેઓ પોતાની "સી વેનચર યાતમાથી" કુદી પડયા ત્યાંથી
તેને બળી અને ડુબી જતી જોઇ, તેઓ થાકેલા
એલન લો તથા મી જંખવાયલા "નોસેટ બીચ" ઉપર આવી પુગ્યા.
બારકસની પુઠ, જુ એક માઇલ દુર તેઓએ જુદીઠનુ વહાણુ દીઠું-
દીઠે બીજા પાંચ જ- માછી મારના લેબાસમાં, જુદીઠ, તથા તેણીના
ણુ સાથે માછીમા- પાંચ ગોઠીઆઓ, બીચારી રોઝને કેદ રાખી,
રના લેબાસમા, પેલાઓની પુંઠે નિકલ્યા. થોડીક દુર તેઓ હતા,
પકડી. ત્યારે એક બલુ રોશની તેઓએ પાણીપર
સલગાવી. જુદીઠે પોતાના હાથ માહેલી રાઇ-
ફલથી, તેઓ ઉપર ગોળી છોડી, તેઓ બચાવમાં ત્યાંથી કઠણુમાં
ભરાઇ ગયા, પણ તેણીએ મજબુત પુઠ રાખી.

ચોરને પોટલે ધુળ.

એલન લો અને મી. બારકસ, ત્યાંથી સફાઇથી છટકી જઇ, જ્યા
જાદીઠનો માણસ "ડોરી"ની રખેવાલી કરતો
જુદીઠ સામી ફસી હતો, અને જે નભરવસપણે બીડી ફુંકતો હતો
અલન, અને મી. ત્યાં આવી પુગ્યા. તેઓએ તેને માથામાં મજ
બારકસ, ઉલતા,તે- બુત ધટકો લગાવી, ડોરીમા બેસી, જ્યાં જુદી-

ચીના વહાણ ઉપર ગયા. ઠનુ વહાણુ હતુ ત્યાં હંકારી ગયા. આ બન્નેને જુદીઠે, પોતાના માણુસો સાથે જોયા. ગોળી છોડી પણુ ફોકત, "લેને ગઇ પુત અને ખોઈ આઈ ખસમ" જેવી વાત બની. પેલાઓ જે વહાન પર ગયા, ત્યાં તેઓએ પોતાની રોઝને દીઠી અને તેણીનો છુટકો કર્યો.

જુદીઠની જંજાલી.

મોટારબોત ચોરીથી જુદીઠના હાથમાં આવે છે. રોઝ સાથ એલનનો ખુલાસો થયો બંનેની બોટો ધુમસમાં સપડાએ છે.

જુદીઠ તેણીની પાર્ટીસાથે, એક સ્ટેશન, કે જ્યાં દરીઆઈ જીંદગી બચાવવાના સાધણુ રહેતા હતા, ત્યાં ગઈ, ત્યાંથી એક મોટોર બોટ લીધી અને હંકારવા માંડયુ. રોઝે, પોતાના વહાલા એલન લોને, પોતે કેમ ફસી પડી હતી તે કહયું. તુટટપર મી. બારકસ ગભરાતના વમાસનમા પડયો હતો કારણુ, તેઓ રસતે આવી જવા, હજી ધીલ કરતા હતા, તેટલા જુદીઠ પેલી તપડાવેલી મોટોર લોન્ચ સાથ હંકારતી, પુઠ પકડી રહી સહવાર પડતા "મોનોમોય પોઈન્ટ" પર બંને એ ચકરાવો લીધો.

પણુ તેટલા ધુમસમા સપડાએ છે.

જુદીઠના હાથમા આવેલી જુલમી જંજીર.

" ગુલાબમા કાંટા. "

ધુમસમા જુદીઠ, પેલા વહાણ ઉપર ધસી જાયે છે, અને પોતે પોતાના માણસોસાથ તેપર ચઢી જાયે છે.

જુદીઠના બાબમા ફેરવાયલી બાજી. તેણીની જીત પેલાઓ સઘલા કેદ થયા.

લાઇફ બોટ, ત્યાંથી હઠીને તણાઈ જાયે છે. આ જોતાજ એલન લો પોતાની પીસતોલ લેવા જાયે છે, તેટલાજ તેનો પગ સરી પડતા પડે છે, તુરતજ જુદીઠના માણસો, તે પાછો ઉઠે તે અગાઉ તેપર ધસી જઇ, તેને પકડી લે છે, બીજા બે માણસો મી. બારકસને બાંધે છે, અને બાકીનો માણસ રોઝને કેદી બનાવે છે.

જુદાનો ગેબી હાથ.

આ સમયમા બીજુ સ્તીમશીપ ત્યાથી પસાર થાયે છે, ધુમસને લીધે, તે વહાણ સાથ અઠડે છે, આ વહાણ

સઘળા પાણીમા પડે છે.

આવ્યાથી જુદીઠ પેલા સઘળા કેદી તથા માણસો સાથ પાણીમા પડે છે, સ્તીમશીપ દુર હઠી જાય લાઇફ બોત છોડે છે.

લાચારનો બચાવ.

મી. બારકસ અને રોઝ સપાટી ઉપર એકકી વખતે નજરે પડે
છે, પેલી લાઇફ મોટોર બોટ પકડી લે છે. રોઝને
મી, બારકસ, રોઝ મદદ આપી, મી. બારકસ તેણીને અંદર લે છે.
અને એલન લોનો, એલન પાણીની સપાટી ઉપર આવતા કોઇને
એક મોટોર લાઇફ જોએ છે, પણ જાણી શકતો નથી કે જુદીઠ, યા
બોટમાં બચાવ, જુ- રોઝ છે. તે તરીને તેણીને બચાવવા જાયે છે,
દીઠ બીજી સ્ટીમ- જુદીઠ, તેને સામો ગુંગલાવે છે, પણ એલન હી·
શીપ ઉપર બચે છે. મતથી છુટો થાયે છે. આ બનાવપર મી. બાર-
કસની નજર પડતા, તે એલનને બચાવે છે.
એલન બચતાજ, પોતાની રોઝને જુવે છે, અને સધીઆરો લાવે છે,
છતાં જુદીઠ ડુબે છે, તે જોતાંજ તે ગમગીન બને છે. તેને બારકસ
પકડી લે છે, અને તરતજ બોત હંકારી લે છે જુદીઠને સ્ટીમશીપ
ઉપર બચાવી લેવામાં આવે છે.

આ ફીલ્મ લેવાના ખુદરતી દેખાવ તથા બનાવો એ-
ટલાતો ચિત્રયુકત રચનાથી ભરપુર તથા ખરા આકારમાં
લેવામાં આવ્યા હતા, કે પીકચરમાં લેવામા આવેલા સલ-
ગેલા વહાણની અસરથી આસપાસનો મદદ તેમજ બીજા
બચાવોના સાધણો સાથ દોડી આવતા, પણ થોડીજ વારમા
તેઓને ખાતરી મલતી કે, તેતો ફકત સિનેમા ફિલમ લેનાર
મી. વીલફ્રેડ લ્યુકાસના ચિત્ર લેવા માટેની ખાસ રચના હતી
અને એકવાર એવી ફીલમ લેવાના સમયે, મીસ મેઠીસન,
ને મી. જયોર્જ લારકીને લગભગ ખરા પુલ ઉપરથી ગુઠણ

પુર બહાર તીગાઇને બચાવી હતી. જે દેખાડી આપે છે, કે આ કામના કારીગર બાનુઓ એકટ્રેસ તથા એકતરો કેવા ઉત્સાહથી પોતાના કામ કરી, ખરી અસર સિનેમાના કામમાં ઉભેરી, ઉંચી પંકતીએ બનાવવામા મદદ આપે છે!

ભાગ નવ અને દશ

સમી સાંજે ભરતી

જુદીઠને કીનાની કલતર

એલન, રોઝ અને બારકસ એ ત્રણે ધુમશ છતા આગળ વધ્યા.

રોઝ, એલન, અને બારકસ ધુમસ છતા વધુ આગળ ગયા. જુદીઠે તેઓની પુઠ પકડી પણ અકસમાત થવાથી રેતીમા અટકી પડી.

જુદીઠ જેવી વહાણુ ઉપર સાવધ થઇ, તેવીજ, તેઓ પાછલ જવા વીચારવા લાગી–આવા ધુમશ મા તેન કરવા, તેણીને કેપટને હસી કાઢી. પણ તે સઘલુ તેણીએ, પોતાના માણુસથી ગોઠવી રાખ્યુ. તેઓને હુકમ આપવા જાયે છે, તેટલાજ ખલાસીઓ તેણીને અટકાવવા ધસયા, પણ તેટલાજ તેણીએ, પાણીમા કુદકો માર્યો, અને તેણીના ગોઠીઆઓએ, તેણીને ઉપાડી લીધી અને ત્યાંથી આગળ વધ્યા. પણ અફસોસ, ખડકમાં તેઓ અઠડી પડતો, પોંતાના વહાણુને જોખમાવી દીધુ. જેથી તેઓને રેતી ઉપર વહાણુ લાઢવા ફરજ પડી. અને મદદ માટે થોભી ગયા.

ઉલટી ગયેલી બાજી.

એલનની હુલડાઈ, જેથી તે જુદીઠના હાથમા ફસયો. તેને બચાવવા મી. બારકસ અને રોઝ, મદદ માટે ઉપાય લેવા જાયે છે.

દરીઆઇ ચોર લોકનું વહાણ ત્યાંથી છટકી જાયે છે. રોઝ એલન અને બારકસનુ વહાણ આ ખડક આગળ જતા, જુદીઠ જોયે છે, તેણી મદદ માંગે છે, રોઝ અને બારકસ, દગો સમજે છે, એલન મદદ કરવા માગે છે. પણ તેને, તેઓ અટકાવે છે. એલન પાણીમા કુદી પડી, તરીને ત્યાં મદદ માટે જાયે છે. ત્યા જતાંજ જુદીઠને જોતાંજ, તે પાછો ફરવા વિચારે છે, તેટલાજ જુદીઠના માણસો તેને પકડી લે છે. રોઝ અને બારકસ, મદદ માટે ધસે છે, પણ ઘણા માણસોને જોઇ, તથા જુદીઠને તેઓ તરફ ગોલી છોડતાજ, તેઓ ત્યાંથી ફરી જાયે છે અને મદદ મેલવવા કોશેશ કરે છે, તેઓ દૈવજોગે લુટારા તથા ચોર વહાણના ટાપુ આગળ આવે છે, રોઝને ત્યાં એક ગુફામાં રાખીને, મી. બારકસ મદદ મેલવવા આગળ જાયે છે.

એલન પાછો શયેતાનના સપાટામાં.

જુદીઠ, લાંચ રૂસવતથી કામ લે છે.

જુદીઠ, જેણી એક ચાંચીયું વહાણ જોયે છે, તેવુજ ઇશારતથી તેની મદદ માંગે છે. જે આવી તેઓને બચાવે છે. જુદીઠ તેના કેપતનને લાંચ આપે છે, અને મદદ માંગે છે. તેઓ ચોર લોકોના ટાપુમા ઉતરે છે.

મી. બારકસપર નવો સંતાપ.

પીઠામાં મી. બારકસજે માર ત્યાજુ' ઠીઠ એલને અને કેપટનનુ આવવું એલન પર હાડ મારી મી બારકસ પાછો ફેરી.

મદદ મેલવવા ગયેલો મી. બારકસ, ગામડાના પીઠામાં જાયે છે તેને સરકારી અમલદાર સમજી ત્યાના છાકટાઓ તેને નાંખી દઈ મારે છે હયા તેને એક બાજુએ નાખ્યો છે, તેટલા, જુદીઠ, એલનં અને કેપતન આવી લાગયા, મી બારકસ કેમે કરી એલનને રોઝ માટે માહીતગાર કરે છે. આ કાંઇ જુદી જોતી નથી, એક ભયભીત ખડકની ઉચી ટેકરી ઉપર ઝુપડામાં એલનને જુદીઠ લઇ જાયે છે ત્યા તેણી તેને તાણા મારે છે, તેની ઉપર પહેલા ગુલાબનુ ફુલ અને પછી કેકની તીગ્ગીનુ પાનુ ફેંકે છે, અને ત્યાથી ચાલી જાયે છે. તેટલાજ મી. બારકસ તેણીના દીઠામા આવતા, તેની પાછળ ત્રણ માણુસને મોકલે છે અને કેપતન મારફતે પોતાના બાપ ઉપર તાર કરાવે છે.

મી. બારકસની બદબતી.

જુદીઠની ધમકી.

મી. બારકસ રોઝને મલી એવનની હાજરી વીશે કહેતો હતો, તેટલાજ જુદીઠના માણુસથી બનને પકડાઇ ગયા, અને ખડક સાથ તેઓંને બાંધ્યા. જુદીઠ એલનને

પાછી મળતા કહે છે, કે હવે સેવટની રોઝને તેણી ડેકાણે પાડવા જાયે છે. તેણીની પાછળ એલન મજબુત જોરથી છુટે છે, અને ત્રીસ ફીટની ઉંચાઇથી બાંધેલા હાથ સાથે કુદકો મારતા ખડક ઉપર બેભાન થઇ પડે છે.

અંતે જાય,

જુદીઠ, મી. બારકસને તાણુાથી વીધે છે, રોઝ સાભી થાવે છે, જુદીઠ તેણીને તથા બારકસને બંધાવે છે, કે ભરતીના વખતમાં તેઓ ડુબી મરશે. તેણી એમ હુકમ કરી ગામડામાં પાછા ફરતાં એલનને જરા સાવધ થયેલો જોયે છે, તેણી એલનને પોતાની આગળ મ ગાવે છે માણુસોને પીઠામા એક બીજાઓ સાથ મારામારી થઇ છે આ બધી ગડબડનો લાભ લઇ એલન, એકજ માણુસની સાથ છુટે છે, તેઓ લડી પડે છે, લડતાજ તેએ. પડી જાયે છે. તે આ.ગળ ધસે છે ને બારકસ તથા રોઝને ડુબતા જુવે છે.

એલન' તેઓને બચાવી વ છે, અને એક લાઇફ બોટમા સઘળા બેસે છે, જુદીઠ તેઓની શોધમા છે કસતમનુ બોટ એલનની લાઇફ બોટ ઉપર ગોળી છોડે છે. એવુ સમજીને કે તેઓ દરીઆઇ લુટારા છે. પણુ તરતજ એલન અને બારકસ, લાઇફ બોઠ ઉપરથી નિશાણી બતલાવે છે —ઓની તપાસ લેતા તેઓ નિર્દોષ માલમ પડયા, અને આ ગ્રગડી બીચારી ચોરાસીના ફેરામાથી આખરે બચી પોતાનો માર્ગ લેવા લાગી છે.

પરસપરની હાર જીત જુદીઠે ગુમા- વેલી બાજી એલન અને રોજ ભવટ મુલાકાત.

મીસ "હ્યો મેડીસન" નં એક અતિ રસીલી યાદી આપતા, મમમાં ઉચ ખ્યાલ આવે છે. આવી બાહોશ એક્ટ્રેસ, પોતાની અતિ રૌકાન તથા ચાલકીસાથે, પોતાની સાત વરળથી રાત વાન

થયેલી વહાલી બહેન "હેલન" ને કેવુ સુખ આપે છે—જ્યારેબી તેણી ગમથી ફારેગ થાયે છે, ત્યારે પોતાની નાની "હેલન" ને એક હાથ વતી ચલાવવાની ગાડીમાં બેસાડી. પોતે જાતે, તેણીને બાગમાં ફેરવે છે. જેનો સુંદર દેખાવ જોનારને માયા તથા દયાના આ ઉમદા ઝરા તરફ કેટલો આનંદથી આકર્ષી રાખતો હશે.

ભાગ અગ્યાર અને બાર,

" નશીબના નખરા. "

એલન, રોઝ અને મી. બારકસ લાઇફ બોતમા બેસી, કોઇ જગ્યાં ની શોધમાં પડયા છે, તેટલા એલનને કાંઇ રો-
એલનનો ગામડામાં શની જેવું માલમ પડયુ. એટલામાં તો એનજીન

આસરો, તેને કરેલી ટ્રેન માટે ગોઠવણ તેની પાછળ જુદીઠના માણસની જાસુસી.

બીગડયુ—મી. બારકસે જોઈ લીધુ કે ચ્યાસ ખુંટી ગઇ છે. એલન દોડીને કીનારાપર જઈ જોય છે તો દીવાદાંડીની પડોસમાં માછીઓનુ ઝુંપડું માલમ પડે છે. કે જયાં એક નાનુ સ્ટેશન હતું, હયાં તરતજ સ્ટેશનનુ બારણુ બંધ હતું પણ ત્યાં, જુદીઠે તાર કરવા મોકલેલો એકલો માણસ હતો. તે એલનને જોય છે, તથા જાસુસી કરે છે—એલનના પુછવાથી માલમ પડયુ કે સવાર સુધી એકજી ટ્રેન નથી, તે સ્ટેશનના એજંટને લાંચ આપી સ્પેશીયલની ગોઠવણ માંગે છે કે પ્રોવીદનસ આગળ તેઓને મલે, તથા ન્યુ બેડફોર્ડ જવા એક મોટોરકાર માટે તાર કરે છે. પછી તે જાણે છે કે ગામડામાં એક હોટેલ છે ત્યાંથી તે રોઝ અને બારકસ સાથે ગયો, જ્યારે જાસુસે આ સઘળુ જોઈ અને સાંભળી લીધું.

શાન્તિમાં ભય.

તેઓ હોટેલમાં આવી પુગ્યા, ત્યાંથી તે એક પાવરબોટ માટે સાટું કરવા હોટલના માલેક સાથે ગયો. અને એક બોડનું સાટું અને ઘણાજ પોસાગીર જેવા રાઠોડી બોટવાલા સાથ **ભયનો પાછો દોર.** પઠન કરવાનુ કામ ચાલતુ હતુ, તેટલા તેના માથા ઉપરથી એક ગોલી જેવુ સડસડાત પસાર થયુ, તેને શક આવ્યો, તે ધાર્યું કે, જુદીઠના મળતીઆઓનો આ દોર હશે.

જુડીઠની ઉતાવળ.

પેલી બાજુ જુડીઠ, પોતાના વહાનના કેપટન ચાંગીઆ સાથે, વધુ જોરથી બોટ હંકારે છે—અને કેપટન તેણીની સલાહમાં સામેલ થાય છે.

મુશીબતમાં મુશકેલી.

ગભરાયલા એલનને મી. બારકસ ઘસડીને પાવર મોટારમાં લઈ જાયે
છે. અને તેઓ વહેલા ઘસતા નિકલી જાયે
એલન સાથે મીત્રો- છે. રસતે તેઓને પોલીસ રોકે છે મી. બારકસ
ની, મોટારમાં વિદા એકલો તેમની સામે થાયે છે, અને એલનને ત્યાં
યગીરી પોલીસનુ થી એકલો હંકારી જવા કહે છે—એલન કશો
રસ્તે વચ્ચ પડવુ. ઇલાજ જોતો નથી. અને તેમ કરે છે.

મુશીબતમાં મહોકાન.

થોડીજ પળમાં મેરેફ્રૂત ત્યાં ઘણીજ મોટી મોટારમાં આવી ચડે
જુદીઠે મેરેફ્રૂત સા- છે તે જુદીઠને જોતાજ તેણીને બચાવે છે, અને
થે લીધેલી પુઠ. તેઓ, પલાઓની પુઠ પકડે છે.

ફલ્યો મેડીસનના બાજે વખત ભયભીત પાત્રોથી ભો-
ગવવી પડતી હાડમારીથી, બચાવ તરીકે, તેણીને બદલે
બીજાથી કામ કરવા અરજ કરવામાં આવી પણ તેની પો-
તેજ, જમે એવા ભય સામે તકકર ઝીલી પોતાનુ કામ પુરૂ
કરવા મંડી હતી.

એકવાર લારકીને લગભગ ૮૫ ફીટનો કુડકો પાણીમાં મારયો. અને એકવાર તો, તે ફીલમના કામમાં રોકાયલો હોવાથી ન્યુમોન્યાના નહેસ્ત દુખના સપાટામાં પણ આવ્યો હતો. પેલી મોટી ઉચાઇથી કુડકો મારતાને વાર તે નાના અંખાતમાં તરતો હતો, અને એરોનેટ યાને હવાઇ વીમાનીએ તેને જોવાથી, હવામાંથી એકદમ કલાકના વિશ માઇલની ઝડપે નિચે ઉતરી આવી, તેને તંગાઇ જવાની બએ વાર તક આપી હતી, જે તેને ઘણીજ સફાઇથી એરોપલેને ઝાલી લીધી હતી. અને કેમેરામાં આવું અતિ ભયભીત ચીત્ર લેવાનુ, બાહોશીભર્યું કામ પાર પાડવા ખરેજ આ બહાદુર, ચાલાક એકતરની નાહર સ્ટડી ખરેજ અડભુત નહી તો શું કહેવાય !

ભાગ તેરથી અઢાર

"મનમોહન મુરતી–યાને મોતનો છાપ."

કેકની-તીગી-માં મળતુ મોતનુ માપ

ભાગ ૧૩ અને ૧૪.

" બળતાની બાવલા યાને અંગારની આકૃતિ. "

લખનાર " હરમીસ "-મિનોઇ મજાહ અને મધુારકાના કર્તા.

" હાર અને જીત–બુરજીમાં "

આ પાત્રોની રંગત હાલમાં આપણે જુદીઠ અને મેરોફન્ટ, બીચારી રોઝને, ગાડીમાંથી તેણીના બાપના ન્યુ યોર્કના

બાપની રોઝ ઉપર ઘરમાં લઈ જતા જોઇશું. રોઝને મેરોફન્ટ સાથે
સખતી જુદીઠ અને રાખી જુદીઠ પોતાના બાપને રીપોર્ટ કરે છે.
રોઝ વચ્ચે બોલની જ્યાં બાપ, રોઝને બોલાવે છે, તેણીને તકરાર
બાજીજી. થાય છે. જુદીઠ સાથની ગરમા ગરમીમાં રોઝ તેણીને એલનને ચાહવા માટે સખત ઝાટકે છે–

બાપ જુદીઠને ઓરડામાંથી જવા કહે છે, અને પછી રોઝ સાથ તકરાર ચાલે છે. ત્રાર્મન, આ જાલેમ બાપ તેણીને કહે છે, કે એલનને તેને મારી નખાવ્યો છે, આથી ઉસકેરાઇ જાયે છે, તેટલાજ તેણીને કેદ કરી રાખે છે. કે જે ઓરડો લગભગ રસતાથી એક સો ફીઠ ઉચો છે.

ચોરને ઘેર ચોર પરોણો.

મેરોફ્રન્ટની મહોકાન જુદીઠને હવે તે ચાહે છે, તેણીથી હડધુત થતા, તેણીના પ્યારની વાત કહે છે એલન પછવાડે ફરી નવીબાજી

જુદીઠ તરફ લુચ્ચા જાસુસ મેરોફ્રન્ટનો પ્યાર સળગે છે, જુદીઠ તેને ઝંઝેરી નાખે છે, જે ઉપર તેના મનમાં વેરની વીંટ વળ ખાયે છે. ત્રાઇનને મેરોફ્રન્ટ કહે છે, કે જુદીઠેજ એલનને પાર ઉપર બચાવ્યો હતો. જુદીઠ તેને જુઠ્ઠો પાડવા માંગે છે, અને કહે છે, કે એની નિચ માગણી મેં કબુલ ન રાખી માટે એ તહોમત મુકે છે. ત્રાઇનના હાથમાં વગર સહીનું પત્ર મળે છે, જેમાં "ડીગબીએ, મોનોલીઠ હોટેલમાં આરથર લોરેન્સ માટે ઓરડો રીઝવર્ડ કરાવ્યો છે." જુદીઠ જુસ્સામાં જાયે છે, મેરોફ્રન્ટ તેણીને બાપને જુદીઠના એલન માટેના પ્યાર વીશે કહે છે. મેરોફ્રન્ટ છોકરાને લાંચ આપી ત્રેઓ હાર્ટ્સ મશકેરીમાં આપતો વાત કરે છે; તેટલા એલન. આરઠર લોરેનસના નામમાં આવે છે. એલીવેટરમાં તે દાખલ થાય છે, કે મેરોફ્રેન્ટ ત્યાંથી જઇને રેડ નવે મ્બરને પૈસા આપી એલનને મારી નાખવા ફુસલાવે છે. એલન પોતાના ઓરડામાં ટેલીફોન ડીગબી ઉપર કરે છે, જેવામાં પેલો છોકરો ત્રેઓ હાર્ટ્સના પાના સેરવી દે છે.

જુદીઠની જાસુસી.

દીઠ, ત્રાઇનને સુતેલો સમજી, તેની પડોસની ચીઠી વાંચે છે, બાપ જાગી ઉઠીને જુદીઠને તેમ કરતા પકડે

જુદીઠ અને બાપ વચ્ચે પાપનો પરપોટો.

છે, જે ઉપરથી તેણીની બેવકૂફી માટે તકસર આવે છે.

એલનની બેખબરી.

એલનની ગફલટી.

એલન બાજુના ઓરડામાં સટરી જાયે છે, તે સમજે કે તેને કોઇ જોતું નથી. મેરોફન્ટે તેને જોયો, અને રેડ નવેમ્બરને તેની પાછળ જવા કહે છે અને તેની પાછળ આવવા કહે છે.

એલનને ખાધેલી થાપ.

એકની પછવાડે બીજો. એલન રોઝની શોધમાં તેની પાછળ તેના મોતનો જમ. જમનો પરાજયે એલનની રોઝને રાતની સલામી.

એલન વારંવાર મોટાર બદલે છે, પણ તે જુલ્મો એલન ત્રાઇન ઘરમાં પેઠો તે ત્યાં લાંચ આપે છે. અને મહોલાની સામે બાજુના બંધાતા ઘરમાં તે મોભ ઉપરથી ચઢે છે, અને ફ્લેશલેમ્પ, તથા ડુકા બોલના સંઘેસાથી રોઝ સાથ સંપેસો ચલાવે છે. જુદીઠ પોતાની બારીમાંથી સઘળુ સાંભળે છે, " કે રોઝને સ્હવારે તેયાર રહેવું " પાછા ઉતરતા એલન જોય છે કે તેની પાછળ "રેડ નવેમ્બર મોઢામાં છરી સાથે ઉપર ચઢે છે, તેઓ વચ્ચે ઝપાઝપી થાયે છે. એલન ઉપર ઘસડી કાઢે છે, તે બીચારો ભયથી તદન સાવજ થઇ જાય છે. ત્યાર પછી એલન રોઝને " ગુડ નાઇટ " કરી જાય છે.

" બેમાંથી એક. "

જુદીઠ, એલનના પલાન ઉંધા વાલવા કોશીશ કરે છે, રોઝના ઓરડામાં તેણી ઘસી જાયેછે. ગલાસમાં ઝેર રેડે

જુદીઠની હાર, રોઝની બેસુદ્ધી જુદીઠનો દગો.

છે, અને કાર્ઇ ઉપર, તે કોણ પીએ. તેને ફેજ દેખાડે છે, જબરી કરતા પોતેજ હારી જાયે છે, અને હારી ગઇ માટે પીવા જાયે છે, રોઝ તેણીને અટકાવે છે. અને ભયથી ફ્રેન્ત થઇ જાયે છે. જુદીઠ ગલાસ નાખી દે છે, અને રોઝના કપડા પહેરી લે છે.

એલનની હીકમત પણ કમ કીસમત.

એલન બારીમાંથી રોઝસમજી જુદીઠને ઉચકી લાયો.

એલન લાચ રૂસવતથી ક્રેનને રોકે છે, અને પોતે ક્રેન પર ચઢી ગયો, તે ક્રેન ફરતા, તે રોઝની બારીમાં આવી પુગો, જુદીઠને ઓરડામાં લે છે એવુ સમજીને કે તેણી રોઝ છે. ફરી બાપડો ઠગાઇ ગયો. અને મોહોલ્લામાં બન્ને આવી પડયા.

મેરોફેન્ટની મુશકેલી.

મેરોફેન્ટનો ગલશત રોઝને જુદીઠ સમજી થાપ આપે છે.

આ બીના મેરોફેન્ટ જોયે છે, અને તરતજ ઓરડામાં ધસે છે, પણ તેટલા તો કામ ખલાસ પયુ છે. રોઝને તે જુદીઠ તરીકે માની લે છે, પણ તરતજ તેની ભુલ માલમ પડતા, તેણીની બેભાનીની બકવાથી, તે જાણી લે છે, કે જુદીઠ છટકી ગઇ છે, અને તેણી એલન સાથ પરણી જશે, તે વિચારથી બહુ ઉશ્કેરાઇ, તે પાછળ જાય છે, પણ તેટલા સઘળુ ખલાસ થઇ ગયેલુ તે જોયે છે.

ભાગ ૧૫ અને ૧૬.

"રોઝ" યાને ઠગારો ગુલાબ.

એલનનું અંજાણપણુ.

